सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૮/૦૭/૦૯ | | |
| રજીસ્ટર તારીખ | ૨૮/૦૭/૦૯ | | |
| નિકાલ તારીખ | ૦૨/૦૪/૨૬ | | |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | | | |

**૮મા અધીક જ્યુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (કુ. એમ.ડી.જાદવ મેડમ)**
**ની કોર્ટ સમક્ષ, મુ. રાજકોટ.**

| | |
|---|---|
| **ફોજદારી કેસ ક્રમાંક:–** | **૧૩૨૦૩/૨૦૦૯** |
| **આંક:–** | |
| પ્રથમ બાતમી અહેવાલ ક્રમાંક:– | ૧૯૮/૦૯ |
| પોલીસ સ્ટેશન:– | રા.તા. |
| **ફરિયાદી:–** | શ્રી સરકાર |
| ફરિયાદપક્ષે:– | વિ.એ.પી.પી.શ્રી કે.બી.જાડેજા |
| **આરોપી:–** | ૧.ભુમીકા મધુભાઈ ખંદારે<br>રહે.ચણોદ ગામ.<br>૨.રમેશભાઈ ધાકલભાઈ ધનગરીયા<br>રહે.ગોમતી ફળીયુ,તા.ધરમપુર. જી.વલસાડ.<br>૩.જીવલીબેન મંગલાભાઈ બુધીયાભાઈ<br>રહે.ગોમતી ફળીયુ,તા.ધરમપુર. જી.વલસાડ.<br>૪.પારુલબેન પ્રવીણભાઈ રાઠોડ(એબેટ)<br>૫.પ્રવીણભાઈ બાબુભાઈ રાઠોડ(એબેટ) |
| બચાવપક્ષે:– | વ.શ્રી. ડી પી મહેતા |

| | |
|---|---|
| ગુનાની તારીખ:– | ૨૦/૦૬/૦૯ |
| પ્રથમ બાતમી અહેવાલની તારીખ:– | ૨૦/૦૬/૦૯ |
| આખરી અહેવાલ રજુ થવાની તારીખ:– | ૨૮/૦૭/૦૯ |
| તહોમતનામુ ઘડયા તારીખ:– | સીઆરપીસી ૨૯૯ |
| પુરાવો શરૂ થયાની તારીખ:– | ૦૯/૦૨/૨૬ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ:– | ૦૨/૦૪/૨૬ |

| **ચુકાદાની તારીખઃ–** | ૧૨/૧૨/૨૪ |
|---|---|
| આખરી હુકમઃ– | નિર્દોષ ઠરાવી છોડી મુકેલ છે. |

**–:: આરોપીની વિગત ::–**

| આરોપીનો અનુક્રમ નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યા/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતન ો સમયગાળો ફો.કા. સંહિતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૧.ભુમીકા મધુભાઈ ખંદારે રહે.ચણોદ ગામ. ૨.રમેશભાઈ ધાકલભાઈ ધનગરીયા રહે.ગોમતી ફળીયુ,તા. ધરમપુર. જી.વલસાડ. ૩.જીવલીબેન મંગલાભાઈ બુધીયાભાઈ રહે.ગોમતી ફળીયુ,તા. ધરમપુર. જી.વલસાડ. ૪.પારુલબેન પ્રવીણભાઈ રાઠોડ(એબેટ) ૫.પ્રવીણભાઈ | ૨૦/૬/૦૯ | | ઇ.પી.કો. ૪૦૬ ૪૧૯ ૪૨૦ ૧૧૪ મુજબ | નિર્દોષ | –– | –– |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | બાબુભાઈ રાઠોડ (એબેટ) | | | | | | |

## –:ચુકાદાનું પરિશિષ્ટ:–

**<u>ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષી</u>**
<u>અ. ફરિયાદપક્ષે રજુ મૌખીક પુરાવા ચુકાદા મુજબ</u>

**<u>ફરિયાદી/બચાવ/અદાલત દ્વારા રજુ દસ્તાવેજોના આંકની યાદી</u>**
**<u>અ. ફરિયાદપક્ષે રજુ દસ્તાવેજી પુરાવા ચુકાદા મુજબ</u>**

**<u>બ. બચાવપક્ષ</u>**

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| બચાવપક્ષે સાહેદ ક્રમાક | બચાવપક્ષે કોઈ સાહેદ તપાસેલ નથી. | ––– |

**<u>ક. અદાલત દ્વારા</u>**

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| અદાલત દ્વારા તપાસેલ સાહેદ ક્રમાક | અદાલત દ્વારા પણ કોઈ સાહેદ તપાસેલ નથી. | ––– |

**<u>બ. બચાવ</u>**

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | બચાવપક્ષે કોઈ પુરાવા રજુ થયેલ નથી. | – |

**<u>ક. ન્યાયલય</u>**

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | અદાલત દ્વારા કોઈ પુરાવા નોંધવામાં આવેલ નથી. | – |

**<u>ડ. ભૌતિક પદાર્થ</u>**

| અનુક્રમ | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | –– | –– |

## –: ચુ કા દો :–

(૦૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, લગ્નના આઠ માસ

પછીથી તા.૨૦/૬/૦૯ કોઠારીયા ગામે આ કામના ફરિયાદી મનીષભાઈ ગાંડુભાઈ ડોબરીયાના લગ્ન આજથી બે વર્ષ પહેલા આરોપી ભુમીકા સાથે થયેલા જે લગ્નના ફરિયાદી મનીષભાઈએ રૂા.૪૦,૦૦૦/- આરોપી ભુમીકાબેન, છાંયાબેન તથા પારુલબેન હરેશભાઈ ને ચુકવેલ. બાદ ફરી વખત આરોપી ભુમીકાબેન તથા અનય આરોપી રમેશભાઈ, જીવલીબેન, પારુલબેન પ્રવીણભાઈ, પ્રવીણભાઈ જેઓએ સાહેદ મુકેશભાઈ સાથે ભુમીકાબેનના લગ્ન કરાવવાના એક લાખ બાદ થી રૂા.૪૦,૦૦૦/- નકકી સાહેદ મુકેશભાઈના ઘરે આવતા તથા આરોપી ભુમીકાબેનનો ભાઈ તથા આરોપી જીવલીબેને ખોટી હકીકતો જણાવી લગ્ન કરાવવામા આવેલ  તેમજ સાહેદ ખીમાબેન સાથે પણ ભુમીકાના લગ્ન થયેલ. આમ તમામ આરોપીઓએ એક બીજા ની મદદગારીમા લગ્ન કરવાના બહાના હેઠળ તથા ફરિયાદી સાથે પાસેથી રકમો મેળવી છેતરપીંડી અને વિશ્વાસઘાત તથા ઠગાઈ કરી ઈ. પી. કોડ કલમ-૪૦૬, ૪૧૯, ૪૨૦, ૧૧૪ મુજબનો ગુનો કરેલ જેની ફરિયાદીએ ફરિયાદ નોંધાવતા તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો મળી આવતા હાલનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૦૨) સદર કામે આરોપીઓ વિરૂદ્ધ ચાર્જશીટ કોર્ટમાં રજુ થતા આરોપીઓને સમન્સ વોરંટ  બજાવવા શુદ્ધ બુદ્ધીના પ્રયત્નો કરવા છતાં આરોપીની હાજરી મેળવી શકાયેલ ન હોય અને નજીકના ભવિષ્યમાં પણ આરોપીની જાત હાજરી મળી શકે તેવા સંજોગો જણાતા ન હોય તેથી આરોપી નાસતા ફરતા હોવાનું માનવાને કારણ રહે છે. તેમજ આ કામના જામીનદારને પણ નોટીસ બજી શકતી ન હોય, હાલનો કેસ ખુબજ જુનો હોય આરોપીની ગેરહાજરીમાં ફરીયાદપક્ષનો પુરાવો સુરક્ષીત કરવામાં ન આવે તો તે પછી સાહેદો પણ નહીં મળવાની સંભાવના રહેલ હોય જેથી ફરીયાદપક્ષનો પુરાવો સુરક્ષીત કરી લેવાનું ન્યાયોચિત જણાય છે. જેથી

ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૯૯ અનુસાર આરોપીની ગેરહાજરીમાં પુરાવો નોંધી શકાય તેવો પ્રબંધ કરવામાં આવેલ છે અને વધુમાં નામ. હાઈકોર્ટ દ્વારા પણ સરક્યુલર નં. ૨૬૬૮/૨૦૧૬ તા. ૦૫–૦૭–૨૦૧૬ થી ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૯૯ તથા ૩૫૩(૬) મુજબ આવા સંજોગોમાં આરોપીની ગેરહાજરીમાં કાર્યવાહી ચલાવવા સરક્યુલર ઈસ્યુ કરવામાં આવેલ છે. તેથી હાલના કેસના સંજોગો તથા ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૯૯ ની જોગવાઈ અને તે કલમનો હેતુ ધ્યાને લેતા ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૯૯ અન્વયે હાલના કેસના આરોપીઓની ગેરહાજરીમાં સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ આંક–૧ નીચે કરવામાં આવેલ છે. ત્યારબાદ આ કામ ફરીયાદપક્ષના પુરાવા માટે મુલત્વી રાખવામાં આવેલ.

(૦૩) ત્યારબાદ ફરીયાદીપક્ષ દ્વારા તેમનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**–: મૌખીક પુરાવો :–**

| ક્રમ | સાહેદનું નામ તથા વિગત | આંક |
|---|---|---|
| ૧ | પોલીસ સાહેદ પ્રવીણભાઈ ગોવીંદભાઈ આલ ની જુબાની | ૪૫ |

**–: દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | એફ. આઈ. આર | ૪૬ |

ઉપરોક્ત પુરાવા સિવાય ફરીયાદપક્ષે વધુ કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી.

**(૦૪)** હાલના કામે ફરિયાદપક્ષે રજુ થયેલ મૌખીક પુરાવા તથા દસ્તાવેજી પુરાવા રજુ થયા બાદ રજુ થયેલ પુરાવો જોતા આ કામે આરોપીનું ક્રિ. પ્રો. કોડ કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૦૫) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો સાંભળેલ છે.

(૦૬) હાલના કેસના ન્યાયીક નિર્ણય તથા નિકાલ અર્થે આત્રેની કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**-: મુદ્દા :-**

૧. શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, લગ્નના આઠ માસ પછીથી તા.૨૦/૬/૦૯ કોઠારીયા ગામે આ કામના ફરિયાદી મનીષભાઈ ગાંડુભાઈ ડોબરીયાના લગ્ન આજથી બે વર્ષ પહેલા આરોપી ભુમીકા સાથે થયેલા જે લગ્નના ફરિયાદી મનીષભાઈએ રૂા.૪૦,૦૦૦/- આરોપી ભુમીકાબેન, છાંયાબેન તથા પારુલબેન હરેશભાઈ ને ચુકવેલ. બાદ ફરી વખત આરોપી ભુમીકાબેન તથા અનય આરોપી રમેશભાઈ, જીવલીબેન, પારુલબેન પ્રવીણભાઈ, પ્રવીણભાઈ જેઓએ સાહેદ મુકેશભાઈ સાથે ભુમીકાબેનના લગ્ન કરાવવાના એક લાખ બાદ થી રૂા.૪૦,૦૦૦/- નકકી સાહેદ મુકેશભાઈના ઘરે આવતા તથા આરોપી ભુમીકાબેનનો ભાઈ તથા આરોપી જીવલીબેને ખોટી હકીકતો જણાવી લગ્ન કરાવવામા આવેલ તેમજ સાહેદ ખીમાબેન સાથે પણ ભુમીકાના લગ્ન થયેલ. આમ તમામ આરોપીઓએ એક બીજા ની મદદગારીમા લગ્ન કરવાના બહાના હેઠળ તથા ફરિયાદી સાથે પાસેથી રકમો મેળવી છેતરપીંડી અને વિશ્વાસઘાત તથા ઠગાઈ કરી ઈ. પી. કોડ કલમ-૪૦૬, ૪૧૯, ૪૨૦, ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો

કરેલ છે?

૨. શું હુકમ ?

(૦૭) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

(૦૮) ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો માટેના કારણો નીચે મુજબ આપેલા છે.

**:: કા ર ણો ::**

**મુદ્દા નંબર–૧ ની ચર્ચા :–**

(૦૯) ફરિયાદપક્ષ તરફે પોતાના કેસની હકીકત સાબીત કરવા માટે આ કામે સૌપ્રથમ આંક–૪૫ થી પોલીસ સાહેદ પ્રવીણભાઈ ગોવીંદભાઈ આલ સોગંદ પર જુબાનીમા જણાવે છે કે, હુ છેલ્લા બે મહિના થી રાજકોટ તાલુકા પો સ્ટે ખાતે પો સ ઈ તરીકે ફરજ બજાવુ છુ. ફોજદારી કેસ નંબર ૧૩૨૦૩/૨૦૦૯ જે રાજકોટ તાલુકા પો સ્ટેના ગુના રજી નંબર ૧૯૮/૨૦૦૯ થી નોંધાયેલ ગુન્હો છે. જે કેસનુ રેકર્ડ જોતા તે કામના ત. ક. અ અધિકારી એન. એસ. સવનિયા હોવાનુ જણાઇ આવે છે અને તેઓને હાલ કેન્સરની બિમારી હોય અને પથારીવશ હોય તેઓ તેમને કરવામાં આવેલ પ્રોસેસ પરથી જણાઈ આવે છે. આજરોજ ઉપરોક્ત કેસનુ રેકર્ડ જોતા સદર કામના ફરિયાદી મનિષભાઇ ગાંડુભાઇ ડોબરીયા નાઓએ તારીખ ૨૦/૦૬/૨૦૦૯ નારોજ રાજકોટ તાલુકા પો સ્ટે ખાતે પો. સ. ઈ શ્રી એન. એસ. સવનિયા રુબરુ ફરિયાદ આપેલી. જેમા તેના લગ્ન રુ. ૪૦,૦૦૦/- માં ભુમિકા ઉર્ફે વિજેતા ઉર્ફે મયુરી મધુભાઇ ખંધારે સાથે થયેલા જે લગ્ન છાયાબેન તથા પારુલબેનની ઓળખાણથી થયેલા અને લગ્ન બાદ તેઓ રાજકોટ તથા તેમના ગામ ખામટા ખાતે રહેવા ગયેલા જ્યાં ભુમિકા અવારનવાર તેના પિતાને ત્યા જતી હોવાનુ અને નોરતા ઉપર માવતરે ગયા પછી ઘરે પરત ન આવેલ હોવાનુ અને રુ. ૪૦,૦૦૦/- છાયાબેનને લગ્ન સમયે ફરિયાદીએ આપેલ હોવાનુ ફરિયાદમાં જણાવેલુ. તથા વિશેષ જણાવેલ કે તેઓને જાણવા મળેલ કે

તેઓના લગ્ન કરાવનાર છાયાબેન ગાંધીગ્રામ પો સ્ટેમાં પકડાયેલ હોય જેથી તપાસ કરતા જાણવા મળેલ હોય કે તેમની પત્નિ ભુમિકાનુ સગપણ રુ. ૧ લાખમાં મુકેશભાઇ ગોબરભાઇ પટેલ રહે. કોઠારિયા વાળા સાથે થવાનુ નક્કી કરેલ છે અને સગપણનુ નક્કી કરવા આવવાની જાણ થતા તેઓ ત્યા ગયેલા હોય જ્યા તેમના પત્નિ તથા બે બહેનો અને બે ભાઇઓ કોઠારિયા ગામ ખાતે રહેણાક મકાન ખાતે પહોંચેલા હોય બાદમાં ૧૫-૨૦ મિનિટ પછી ફરિયાદી તથા તેમના કુઇ શિતલબેન તે મકાનમાં ગયેલા હોય અને તે વખતે મુકેશભાઇના સગાવ્હાલાથી જાણવા મળેલ હોય કે મારી પત્નિના સગપણનુ નક્કી કરવા માટે આ લોકો આવેલ હોય અને રુ. ૧ લાખમાં મારી પત્નિનુ સગપણ નક્કી થયેલ હોય બાદમાં મે તથા કુટુંબીજનોએ મારી પત્નિ ભુમીકા હોવાનુ અને આશરે બે વર્ષ પહેલા મારા લગ્ન થયેલા હોવાનુ જણાવેલુ અને ફોટા બતાવેલા અને મારી પત્નિ સાથે આવેલ માણસોના નામ જાણતા રમેશભાઇ ધાકલ જે ભુમિકાનો ભાઇ હોય તથા જિવલીબેન જે ભુમિકાની કાકી હોવાનુ તથા પારુલબેન પ્રવિણભાઇ તથા પ્રવિણભાઇ બાબુભાઇ, જેવી ઓળખાણ સાથેના માણસોની મુકેશભાઇ ઠુંમરના કુટુંબને આપેલ હતી. અને ફરિયાદી સાથે છેતરપિંડી અને વિશ્વાસઘાત થયાની વિગતવારની ફરિયાદ એસ. એન. સવનિયા નાઓ રુબરુ આપેલી. આજરોજ મને એફ. આઇ. આરની કોર્ટ પ્રત બતાવવામાં આવે છે જે અમારા પો સ્ટે દાખલ કરવામાં આવેલી અને અમારા પો સ્ટેના જુના રેકર્ડ જોતા તેમા પી. એસ. ઓ  એન.ડી.આહિરની સહી છે જે અમારા રેકર્ડમાં તેમની જુની સહીઓ મે જોયેલી છે તે મુજબની છે જે ઓળખી બતાવુ છુ જે રજુ દાખલ આંક-૪૬ આપવામાં આવે છે. સદર કામે ફરિયાદી તથા ત. ક. અ ને તથા લાગતા વળગતા સાહેદોને નામદાર કોર્ટ દ્બારા અવારનવાર પ્રોસેસ ઇસ્યુ કરવામાં આવેલ છતા જુબાની માટે કોઇપણ સાહેદ કે ફરિયાદી કે ત. ક. અ ને હાજર રખાવી શકાયેલ નથી. સદર કામે **ફરિયાદી મનિષભાઇ ગાંડુભાઇ ડોબરીયા** નાઓને મુદત તારીખ ૨૦/૦૧/૨૦૨૪તથા તારીખ ૦૧/૦૮/૨૦૨૪ તથા તારીખ ૧૭/૦૨/૨૦૨૫ તથા તારીખ ૧૨/૧૨/૨૦૨૪ તથા તારીખ ૦૧/૦૮/૨૦૨૫ નો સાહેદ સમન્સ/વોરંટ કરવામાં આવેલ જે ફરિયાદી જે સાહેદ જણાવેલ સરનામે મળી આવતા નથી તેવા શેરા સાથે વગર બજ્યે પરત ફરેલ છે જે સમન્સ/વોરંટ રજુ દાખલ આંક -૪૭ થી ૫૧  આપવામાં આવે છે. તારીખ ૧૭/૦૨/૨૦૨૫ તથા તારીખ ૧૨/૧૨/૨૦૨૪ નુ વોરંટ સ્થાનીક રહેવાસીના નિવેદન સાથે પરત ફરેલ

છે જે નિવેદન રજુ દાખલ આંક-પર થી પ૩ આપવામાં આવે છે. આ કામના/સાહેદ **મુકેશભાઇ ગોબરભાઇ ઠુંમર** નાઓને મુદત તારીખ ૧૩/૦૨/૨૦૨૪ તથા તારીખ ૧૮/૦૩/૨૦૨૪ તથા તારીખ ૨૩/૦૯/૨૦૨૪ તથા તારીખ ૧૭/૦૨/૨૦૨૫ તથા તારીખ ૧૨/૧૨/૨૦૨૪ તથા તારીખ ૦૧/૦૮/૨૦૨૫ નો સાહેદ નુ સમન્સ/વોરંટ કરવામાં આવેલ જે સાહેદ જણાવેલ સરનામે મળી આવતા નથી તેવા શેરા સાથે વગર બજ્યે પરત ફરેલ છે જે સમન્સ/વોરંટ રજુ દાખલ આંક -પ૪ થી પ૯ આપવામાં આવે છે. તારીખ ૧૨/૧૨/૨૦૨૪ નુ વોરંટ સ્થાનીક રહેવાસીના નિવેદન સાથે પરત ફરેલ છે જે નિવેદન રજુ દાખલ આંક-૬૦ આપવામાં આવે છે. આ કામના સાહેદ **દેવરાજભાઇ શામજીભાઇ ઠુંમર** નાઓને મુદત તારીખ ૧૮/૦૩/૨૦૨૪ તથા તારીખ ૨૩/૦૯/૨૦૨૪ તથા તારીખ ૧૭/૦૨/૨૦૨૫ તથા તારીખ ૧૨/૧૨/૨૦૨૪ નો સાહેદ સમન્સ/વોરંટ કરવામાં આવેલ જે સાહેદ જણાવેલ સરનામે મળી આવતા નથી તેવા શેરા સાથે વગર બજ્યે પરત ફરેલ છે જે સમન્સ/વોરંટ રજુ દાખલ આંક -૬૧ થી ૬૪ આપવામાં આવે છે. તારીખ ૧૭/૦૨/૨૦૨૫ તથા તારીખ ૧૨/૧૨/૨૦૨૪ નુ વોરંટ સ્થાનીક રહેવાસીના નિવેદન સાથે પરત ફરેલ છે જે નિવેદન રજુ દાખલ આંક-૬પ થી ૬૬ આપવામાં આવે છે. આ કામના સાહેદ **શિતલબેન દિનેશભાઇ પિપળીયા** નાઓને મુદત તારીખ ૦૧/૦૮/૨૦૨૪ તથા તારીખ ૧૭/૦૨/૨૦૨૫ તથા તારીખ ૧૨/૧૨/૨૦૨૪ તથા તારીખ ૦૧/૦૮/૨૦૨૫ નો સાહેદ સમન્સ/વોરંટ કરવામાં આવેલ જે સાહેદ જણાવેલ સરનામે મળી આવતા નથી તેવા શેરા સાથે વગર બજ્યે પરત ફરેલ છે જે સમન્સ/વોરંટ રજુ દાખલ આંક-૬૭ થી ૭૦ આપવામાં આવે છે. તારીખ ૧૭/૦૨/૨૦૨૫ તથા તારીખ ૧૨/૧૨/૨૦૨૪ નુ વોરંટ સ્થાનીક રહેવાસીના નિવેદન સાથે પરત ફરેલ છે જે નિવેદન રજુ દાખલ આંક-૭૧ થી ૭૨ આપવામાં આવે છે. આ કામના સાહેદ **ધિરુભાઇ ગોબરભાઇ ઠુંમર** નાઓને મુદત તારીખ ૧૭/૦૨/૨૦૨૫ તથા તારીખ ૧૨/૧૨/૨૦૨૪ તથા તારીખ ૦૧/૦૮/૨૦૨૫ નો સાહેદ સમન્સ/વોરંટ કરવામાં આવેલ જે સાહેદ જણાવેલ સરનામે મળી આવતા નથી તેવા શેરા સાથે વગર બજ્યે પરત ફરેલ છે જે સમન્સ/વોરંટ રજુ દાખલ આંક-૭૩ થી ૭પ આપવામાં આવે છે. ૧૨/૧૨/૨૦૨૪ નુ વોરંટ સ્થાનીક રહેવાસીના નિવેદન સાથે પરત ફરેલ છે જે નિવેદન રજુ દાખલ આંક -૭૬ આપવામાં આવે છે. આ કામના સાહેદ **નિર્મળાબેન ધિરુભાઇ ઠુંમર** નાઓને

મુદત તારીખ ૧૭/૦૨/૨૦૨૫ ૧૨/૧૨/૨૦૨૪ તથા તારીખ ૦૧/૦૮/૨૦૨૫ નુ વોરંટ સ્થાનીક રહેવાસીના નિવેદન સાથે પરત ફરેલ છે જે સમન્સ / વોરંટ રજુ દાખલ આંક-૭૭ થી ૭૯ આપવામાં આવે છે. ૧૨/૧૨/૨૦૨૪ નુ વોરંટ સ્થાનીક રહેવાસીના નિવેદન સાથે પરત ફરેલ છે જે નિવેદન રજુ દાખલ આંક-૮૦ આપવામાં આવે છે. આ કામના સાહેદ **ખિમાભાઈ લાખાભાઈ રબારી** નાઓને મુદત તારીખ ૧૭/૦૨/૨૦૨૫ તથા તારીખ ૧૨/૧૨/૨૦૨૪ તથા તારીખ ૦૧/૦૮/૨૦૨૫ નો સાહેદ સમન્સ/વોરંટ કરવામાં આવેલ જે સાહેદ તેઓને જિલા ભુજ ખાતે ટ્રાન્સફર કરવામાં આવેલ તેવા શેરા સાથે પરત ફરેલ છે જે સમન્સ/વોરંટ રજુ દાખલ આંક-૮૧ થી ૮૩ આપવામાં આવે છે. આ કામના સાહેદ **બળવંતભાઈ દવે** નાઓને મુદત તારીખ ૧૭/૦૨/૨૦૨૫ તથા તારીખ ૧૨/૧૨/૨૦૨૪ તથા તારીખ ૦૧/૦૮/૨૦૨૫ નો સાહેદ સમન્સ/વોરંટ કરવામાં આવેલ જે સાહેદ જણાવેલ સરનામે મળી આવતા નથી તેવા શેરા સાથે વગર બજ્યે પરત ફરેલ છે જે સમન્સ/વોરંટ રજુ દાખલ આંક-૮૪ થી ૮૬ આપવામાં આવે છે. તારીખ ૧૭/૦૨/૨૦૨૫ તથા તારીખ ૧૨/૧૨/૨૦૨૪ તથા તારીખ ૦૧/૦૮/૨૦૨૫ નારોજ કરવામાં આવેલ વોરંટ સ્થાનીક રહેવાસીના નિવેદન સાથે પરત ફરેલ છે જે નિવેદન આ કામે રજુ દાખલ આંક-૮૭ થી ૮૯ આપવામાં આવે છે. આ કામના સાહેદ **પરેશભાઈ દુર્લભજીભાઈ પુજારા** નાઓને મુદત તારીખ ૧૭/૦૨/૨૦૨૫ તથા તારીખ ૧૨/૧૨/૨૦૨૪ તથા તારીખ ૦૧/૦૮/૨૦૨૫ નો સાહેદ સમન્સ/વોરંટ કરવામાં આવેલ જે સાહેદ જણાવેલ સરનામે મળી આવતા નથી તેવા શેરા સાથે વગર બજ્યે પરત ફરેલ છે જે સમન્સ/ વોરંટ રજુ દાખલ આંક -૯૦ થી ૯૨ આપવામાં આવે છે. તારીખ ૧૭/૦૨/૨૦૨૫ તથા તારીખ ૧૨/૧૨/૨૦૨૪ તથા તારીખ ૦૧/૦૮/૨૦૨૫ નારોજ કરવામાં આવેલ વોરંટ સ્થાનીક રહેવાસીના નિવેદન સાથે પરત ફરેલ છે જે નિવેદન આ કામે રજુ દાખલ આંક-૯૩ થી ૯૫ આપવામાં આવે છે. આ કામના સાહેદ **તેજુભાઈ વખતસિંહ** નાઓને મુદત તારીખ ૧૭/૦૨/૨૦૨૫ તથા તારીખ ૧૨/૧૨/૨૦૨૪ તથા તારીખ ૦૧/૦૮/૨૦૨૫ નો સાહેદ સમન્સ/વોરંટ કરવામાં આવેલ જે સાહેદ જણાવેલ સરનામે મળી આવતા નથી તેવા શેરા સાથે વગર બજ્યે પરત ફરેલ છે જે સમન્સ/વોરંટ રજુ દાખલ આંક-૯૬ થી ૯૮ આપવામાં આવે છે. આ કામના **ત. ક. અ એન. એસ. સવનિયા** નાઓને મુદત તારીખ

૧૭/૦૨/૨૦૨૫ નો સાહેદ સમન્સ/વોરંટ કરવામાં આવેલ જે સાહેદ જણાવેલ સરનામે મળી આવતા નથી તેવા શેરા સાથે વગર બજ્યે પરત ફરેલ છે જે સમન્સ/ વોરંટ રજુ દાખલ આંક-૯૯ આપવામાં આવે છે. આ કામના સાહેદ **કનુભાઇ ગોવાભાઇ** નાઓને મુદત તારીખ ૧૭/૦૨/૨૦૨૫ તથા તારીખ ૧૨/૧૨/૨૦૨૪ તથા તારીખ ૦૧/૦૮/૨૦૨૫ નો સાહેદ સમન્સ/વોરંટ કરવામાં આવેલ જે સાહેદ તેઓને જિલા નવસારી ખાતે ટ્રાન્સફર કરવામાં આવેલ તેવા શેરા સાથે પરત ફરેલ છે જે સમન્સ/વોરંટ રજુ દાખલ આંક -૧૦૦ થી ૧૦૨ આપવામાં આવે છે. સદર કામના ત. ક. અ શ્રી એન. એસ. સવનિયાને મુદત તારીખ ૦૧/૦૮/૨૦૨૫ નારોજ કરવામાં આવેલ વોરંટ તેઓ હાલ રીટાયર્ડ હોય અને બિમાર હોય તેવા શેરા સાથે તથા ચિકિત્સાના કાગળો સાથે પરત ફરેલ જે પાંચ કાગળો તથા વોરંટને સંયુકત રજુ દાખલ આંક-૧૦૩ આપવામાં આવે છે. મુદત તારીખ ૧૭/૦૨/૨૦૨૫ તથા તારીખ ૦૧/૦૮/૨૦૨૫ નારોજ સાહેદ મુકેશભાઇ તથા ધિરુભાઇ તથા નિર્મળાબેનને કરવામાં આવેલ વોરંટ તેઓ મળી આવતા નથી તેવા સ્થાનીક રહેવાસીના નિવેદન સાથે પરત ફરેલ છે જે નિવેદન આ કામે રજુ દાખલ આંક-૧૦૪ થી ૧૦૫ આપવામાં આવે છે. ફરિયાદી મનિષભાઇ તથા સાહેદ શિતલબેનને મુદત તારીખ ૦૧/૦૮/૨૦૨૫ નારોજ કરવામાં આવેલ વોરંટ તેઓ મળી આવતા નથી તેવા સ્થાનીક રહેવાસીના નિવેદન સાથે પરત ફરેલ છે જે નિવેદન આ કામે રજુ દાખલ આંક-૧૦૬ આપવામાં આવે છે. આમ, અમારા પો સ્ટે દ્વારા ઉપરોક્ત ફરિયાદી તથા સાહેદો ને નામદાર કોર્ટમાં જુબાની માટે હાજર રખાવવા પુરતા પ્રયત્ન કરવામાં આવેલ છે છતા તેઓ મળી આવેલ નથી અને મળી આવે તેવી કોઇ શક્યતા જણાઇ આવતી નથી તથા ત.ક.અ શ્રી બિમારી સબબ પથારિવશ હોય નામદાર કોર્ટમાં જુબાની આપવા સક્ષમ નથી.

સદરહુ સાહેદ આરોપી તરફે કરવામા આવેલ ઉલટ તપાસમા જણાવે છે કે, એ વાત ખરી છે કે આ કામે અમોને કોઇ અંગત માહિતી નથી. એ વાત ખરી છે કે અમો હોદ્દાની રુએ જુબાની આપીએ છીએ. એ વાત ખરી છે કે આ કામે અમોએ કોઇ કામગિરી કરેલ નથી.

(૧૦) આમ, આ કામે રજુ થયેલ પુરાવાની હકીકતો જોવામાં આવે તો આ કામે બનાવની ફરિયાદ આપનાર ફરિયાદી તેમજ મહત્વના સાહેદો મળી

આવેલ નથી તેમ આ કામે આંક ૪૫ થી તપાસેલ પોલીસ અધિકારીની જુબાની જોતા તેઓ પોતાની ફરજના ભાગરૂપે કરેલી કાર્યવાહી સોગંદ પર જુબાનીમા જણાવે છે પરંતુ આ કામે કરવામાં પ્રોસેસ મુજબના સાહેદો મળી આવેલ નથી તેમ સોગંદ પર જુબાનીમા જણાવે છે તેમજ મળી આવે તેવી કોઈ શકયતા નથી તેમ પણ રેકર્ડ ઉપર જણાવે છે **તેમજ સદરહુ તમામ પ્રોસેસ આંક ૪૭ થી ૧૦૬ પડેલ છે** તે જોતા હાલના કામે સદરહુ કેસ ઘણો જુનો હોય તેમજ બોર્ડમાં સતત ૨૦૦૯ થી લીસ્ટીંગ થતો આવેલ છે અને સાહેદો મળી ન આવવાના કારણે પુરાવાના અભાવે ફરિયાદપક્ષ આરોપીઓ સામેનો તહોમત મુજબનો કેસ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નંબર–૧ "નકારમાં" નિર્ણિત કરી મુદ્દા નંબર–૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**:: હુ ક મ ::**

આ કામના આરોપીને ક્રિ. પ્રો. કોડ કલમ–૨૪૮(૧) અન્વયે ઈ. પી. કોડ કલમ–૪૦૬, ૪૧૯, ૪૨૦, ૧૧૪ મુજબના શિક્ષાનેપાત્ર ગુનાના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

આ કામે આરોપીએ આપેલ અગાઉના જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવામાં આવે છે.

આજ તારીખ ૨, માહે એપ્રિલ સને ૨૦૨ ૬ ના રોજ ખુલ્લી અદાલતમાં ચુકાદો વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ.
તા.૨ / ૪/૨૬

(**મિતલબેન દિલીપસિંહ જાદવ**)
૮મા અધિક જયુડી.મેજી.ફ.ક.,
**રા જ કો ટ.**
UIC NO.GJ01746